એ.એલ.ગોહલ. સક્ષમ અધિકારી અને નાયબ કલેકટર, .જ.ટો.મ. કુ.નં.૧ વડોદરાની કોર્ટમાં

નં.ફુમેલથો: કે.નં. ૨૬૨૯ :માંજલપુર
સક્ષમ અધિકારી અને અધિક કલેકટરની કચેરી
(જ.ટો.મ.)
બહુમાળી મકાન// જેલરોડ// વડોદરા.

પક્ષક ભરનારનું નામ અને સરનામુ :
બારોયા મથુરભાઈ રણછોડભાઈ
રે. માંજલપુર . વડોદરા

વાંચ્યા :

(૧) ડેકલેરેશન ફોર્મ નં. ૨૬૨૯ માંજલપુર તા. ૧૭-૮-૭૬
(૨) આ કચેરીના કલમ-૮(૪) અને ૯ નો હુકમ તા. ૩૦-૧૧-૮૭
(૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના હુકમ ક્રમાંક ફુમેલ઼ો: ૩૩૮૮/૩૧૩૮/૨૨૩૫/મ.૩ તા.૪-૧-૯૦
(૪) રજુ થયેલ અન્ય પુરાવા

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮(૪) અને ૯ મુજબની કાર્યવાહી

હુકમ :-

શ્રી બારોયા મથુરભાઈ રણછોડભાઈ રહે. માંજલપુર વડોદરાનાએ શહેરી જમીન ટોચમર્યાદા કાયદાની કલમ- ૬(૧) હેઠળનું ડેકલેરેશન ફોર્મ તા. ૧૭-૮-૭૬ ના દિવસે ભરીને રજુ કરેલ જેમાં અત્રેના વંચાણે લીધેલ અનુક્રમ નં. ૨ ના તા. ૩૦-૧૧-૮૭ ના હુકમથી પક્ષક ભરનારે કોઈ વધારાની જમીન ધારણ કરતા નથી તેવું ઠરાવીને ડેકલેરેશન ફોર્મ રેકર્ડ કરવામાં આવેલ હતું. આ ફોર્મ કુટુંબને લગતું હોવાનું જણાવ્યુ છે.

(૨) અત્રેનો તા. ૩૦-૧૧-૮૭ નો હુકમ સરકારશ્રીએ કલમ-૩૪ હેઠળના ફેરતપાસના અધિકારો હેઠળ રીવ્યુમાં લઈને સરકારશ્રીએ અનુક્રમ નં.૩ ના તા. ૪-૧-૯૦ ના હુકમથી અત્રેનો હુકમ અયોગ્ય અને ગેરકાયદેસર હોવાથી ફરીથી ચલાવવા માટે રીમાન્ડ કરવામાં આવેલો છે.

(૩) સદર કેસ તા. ૪-૧-૯૦ ના હુકમથી રીમાન્ડ થતાં પક્ષક ભરનારના પત્ની આનંદીબેન તા. ૮-૧-૯૦ ની અરજીથી કેસ ચુનાવણી ઉપર લેવામાં આવેલ છે ચુનાવણી માટેની તા. ૧૮-૧-૯૦ ૧૨-૨-૯૦, ૧૬-૩-૯૦, ૨૬-૩-૯૦, ૮-૧-૯૦, ૧૧-૯-૯૦, ૧૭-૯-૯૦, ૨૮-૯-૯૦ અને ૧૪-૨-૯૧ ની આપવામાં આવી હતી તા. ૧૨-૨-૯૦ ના દિવસે પક્ષક ભરનારના વિધવા શ્રીમતી આનંદીબેનના વિદ્વાન વકીલશ્રી રસિકભાઈ એન.પટેલએ ઉપસ્થિત રહીને નીચે મુજબની રજુઆત કરેલ છે.

(૧) ગલના કાચે સને ૧૯૨૦ થી ૧૯૨૬ ના તથા ૧૯૧૬ -૧૭ ના ગામના નમુના નં.૭ ની અસલ સર્ટીફાઈડ નકલ રજુ કરેલ છે તેના કોલમ-૬ માં સ્પષ્ટ લખેલ છે કે મથુરભાઈ રણછોડભાઈ સગીરના વાલી તેની મા કુલીબાઈ તથા કોલમ-૭ મથુર રણછોડભાઈ તથા ગીરધર નાના લખેલ છે જે ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે મથુર રણછોડ સને ૧૯૧૬ ની સાલમાં માઈનોર હતા અને તેમના વાલી બાઈ કુલી હતા મથુરભાઈ રણછોડભાઈ માઈનોર હોઈ કોઈ પ્રોપટી ખરીદી કરાઈ નહો અને રણછોડભાઈ મયત થવાથી તેમના માતૃશ્રી કુલીબેનનું નામ સદર તારા

હેરના માપણી પ્રમાણે '' એ મુજબની નોંધ થયેલ છે સાથે સાથે મોજીલપુર ગામના નમુના અંક ૩ ની અને ૧૯૧૬-૧૭, xxxxxxxxxx ૧૯૧૭-૧૮, ૧૯૧૮-૧૯, ૧૯૧૯-૨૦ અને ૧૯૨૦-૨૧ પ્રમાણીત નકલ રજુ થઈ છે તેના ખેડુતના ખાતા નં. ૭ માં વા.મથુર રણછોડ અને વા. ગોરધન નાના લખેલ છે. અને ખાતેદાર અથવા તો માલીકના નામમાં મથુર રણછોડ સ.વા. તેની મા બાઈ ફુલી નું નામ દાખલ થયેલ છે ગોરધનભાઈ નાનાભાઈ નું નામ નોંધ નં. ૧૧૫૨ તા. ૨૫-૬-૬૪ થી કમી થયેલ છે પરંતુ મથુરભાઈ રણછોડભાઈ ના નામે કઈ રીતે દાખલ થઈ તેની ચોકકસ પુરાવો રજુ થયેલો નથી આમ આ ગામનો નમુનો નં. ૩ વખતે તેમાં સદર સર્વે નંબર ૪૬૦ ની જમીન મથુર રણછોડ સ.વા. તેની મા બાઈ ફુલીનું નામ દાખલ થયેલ છે તે જોતાં મથુરભાઈ નું નામ વંચાવ્યો દાખલ થયેલ હશે એમ તેવું માની શકાય નહીં. કારણ કે સમોરના નામે કોઈ ચોક્કસ ખરીદી દ.કાતી નથી પરંતુ વારસાઈના આધારે સમોરના વાલી તરીકે ચોક્કસ નામદાર થઈ શકે છે તે જોતાં મોજીલપુર ગામની સદર સર્વે નંબર ૪૬૦ ની જમીન સ્વપાર્જીત નહીં પરંતુ વડીલોપાર્જીત હોવાનું ઠરાવવામાં આવે છે.

૫. મથુરભાઈ રણછોડભાઈ કાયદાના અમલના દિવસે હયાત હતા તેઓ તા. ૨૨-૧૦-૮૩ ના દિવસે ગુજરી જતાં વારસાઈ આધારે નોંધ નં. ૨૩૨૫ તા. ૫-૧૨-૮૪ થી નીચે મુજબના નામો દાખલ થયેલ છે.

(૧) અનંદીબેન તે મથુરભાઈ રણછોડભાઈની વિધવા
(૨) ગૈંદાસિંહ મથુરભાઈ
(૩) વડુભાઈ મથુરભાઈ
(૪) અંબાલાલ મથુરભાઈ
(૫) ચુનીલાલ મથુરભાઈ
(૬) વિઠ્ઠલભાઈ મથુરભાઈ

મૈયત મથુરભાઈ રણછોડભાઈ અધિનિયમ અમલમાં આવ્યો ત્યારે હયાત હતા અને

Scanned by CamScanner

મેટરે ઉપર બતાવેલ ૪૪૫૪ ચો.મી. વડીલોપાર્જીત મીલકતમાં આ તમામ વ્યક્તિઓ કોપાર્સનર સહભાગીદાર હોવાનું ઠરાવવામાં આવે છે એટલે ૪૪૫૪ ચો.મી. જમીનો દરેકને ભાગે ~~xxxxxx~~ ૪૪૫૪ ÷ ૭૨.૩૩ ચો.મી. આવશે.

૬. શહેરી જમીન ટોચમર્યાદા કાયદાની કલમ- ૪(૧) મી ને પરિશિષ્ટ-૧ સાથે વાંચતાં વડોદરા શહેરી સંકુલમાં કોઈપણ વ્યક્તિ ૧૫૦૦ ચો.મી. જમીન ધારણ કરી શકે અને તે કરતાં વધુ ધારણ કરેલ જમીન વધારાની ફાજલ જાહેર કરવાની થાય. હાલના કેસમાં દરેકના ભાગે સામાં ૭૪૨.૩૩ ચો.મી. જમીન આવે છે જે ઠરાવેલી મર્યાદા કરતાં ઓછી છે એટલે કોઈના પાસે વધારાની જમીન નથી તેમ ઠરાવીને ડેકલેરેશન ફોર્મ નં. ૨૨ ૨૨ માંજલપુર રેકર્ડ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

પત્રક ભરનારને સદર ઠરાવની જાણ કરવી.

આજ તા. ૧૫-૨-૮૪ ના દિવસે મારી સહી તથા કચેરીનો સીલ સીક્કો કરીને ઠરાવ આપ્યો.

ગુજરાત રાજ્ય

(ટી.એલ.ચૌહાણ)
સક્ષમ અધિકારી અને નાયબ કલેક્ટર
યુ.નં.૬, વડોદરા.

રજી.પો.એ.ડી

શ્રી બારોટ મધુભાઈ રણછોડભાઈ ના વા. વારસ
આનંદીબેન તે મધુભાઈ રણછોડભાઈ ની વિધવા
c/o વકીલશ્રી રસિકભાઈ એન.પટેલ
" કૈલાસ " લાલબાગ સોસાયટી સામે, માંજલપુર, વડોદરા.

નકલ સવિનય રવાના: (૧) નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧૧/૮, નવા સચિવાલય, ગાંધીનગર
(૨) અધિક કલેક્ટરશ્રી (સમીક્ષા સેલ) બ્લોક નં.૧૧/ , સચિવાલય, ગાંધીનગર
(૩) અધિક કલેક્ટરશ્રી (ઝુંબેશ) વડોદરા

નકલ રવાના: તલાટીશ્રી માંજલપુર તા.વડોદરા તરફ...
પાકે ફેરફારી-હક ની ડાયરી સાથે...

Attested
(D. B. RAVAL)
Executive Magistrate
Vadodara

EXECUTIVE MAGISTRATE BARODA

ક્રમાંક/એમએ/કેસઆર/૧૦/૯૬-૯૭

નં.જમીન/~~૧૯૯૬~~ વિ.જે./૯૯/૪૨૭૩/૯૬
નાયબ કલેકટર કચેરી,વડોદરા
તા. ૨૪/૧૨/૧૯૯૬.

<u>વાંચ્યા</u> :-

(૧) મામલતદારશ્રી વડોદરા (શહેર) ના પત્રાંક નંબર-જમીન/વશી/૨૯૬૫/૯૬ તારીખ ૫-૧૦-૧૯૯૬ થી આવેલ દરખાસ્તના કાગળો.

(૨) જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ તથા ૬૭-અ.

(૩) જમીન મહેસુલ નિયમોના નિયમ -૮૧ (૨).

(૪) કલેકટરશ્રી વડોદરાના હુકમ નં./જમીન/ડી/વશી/૫૧૭/૯૬ તા.૧/૪/૧૯૯૬.

<u>હુકમ</u> :-

(૧) વડોદરા તાલુકાના માંજલપુર ગામના સર્વે નંબર-૪૬૦/૧,૨ ની પત્રકમાં જણાવ્યા મુજબની ૭૩૮૫ ચો.મી. જમીન શ્રી બાબુભાઈ મથુરભાઈ વિ. તથા બાબુભાઈ મંગળભાઈ વિ. ના ખાતે ચાલે છે.

(૨) સક્ષામ અધિકારીશ્રી અને નાયબ કલેકટરવડોદરાએ તેમના હુકમ નં. યુ.એલ.સી./ડે.નં./૨૬૨૬/માંજલપુર તારીખ ૧૫/૨/૧૯૯૧ થી શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની કલમ-૬ (૧) હેઠળ ભરેલ ડેકલેરેશન ફોર્મ ફાઈલ કરેલ છે. અને અરજદાર ખાતેદારને સ.નં.૪૬૦/૧ ની ૪૧૪૮ ચો.મી. જમીન રાખવા પાત્ર ઠરાવી ડે. ફોર્મ રેકર્ડ કરેલ છે. સરકારશ્રીનાં શ.વિ.ના તા. /૨/૯૪ ના હુકમ નં./યુએલસી/૩૪૯૩/૨૪૧૫/૪૬૦૩/ વ.૩ થી સક્ષામ અધિકારીશ્રીનાં તા.૧૫/૨/૯૧ નાં હુકમમાં દરમ્યાનગીરી કરવાનું જણાતું ન હોઈ કલમ-૩૪ હેઠળની ફેર તપાસની કાર્યવાહી બંધ કરવાનું ઠરાવેલ છે. તથા સક્ષામ અધિકારી અને નાયબ કલેકટરશ્રી શહેરી જમીન ટોચ મર્યાદા વડોદરામાં તા.૫/૩/૮૬ ના હુકમ નં./યુએલસી/ડે.નં./૪૬૯૭ થી રે.સ.નં.૪૬૦/૨ ની ૩૨૩૭ ચો.મી. જમીન રાખવા પાત્ર ઠરાવેલ છે. આમ, અરજદાર સ.નં.૪૬૦/૧ ની ૪૧૪૮ ચો.મી. જમીન તથા સ.નં.૪૬૦/૨ની ૩૨૩૭ ચો.મી. જમીન મળી કુલ ૭૩૮૫ ચો.મી. જમીન ફ્રી હોલ્ડ ધારણ કરે છે.

Scanned by CamScanner

(૩) જમીન જુની શરતની છે, અને અરજદાર પોતે બાંધકામ કરવાના છે જેથી ગણોતધારા હેઠળ મંજૂરી લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની રજા ચીઠ્ઠી નંબર-વોર્ડ/૪/સેલ-૪૮/ ૯૬-૯૭ તારીખ -૭-૮-૧૯૯૬ લગત મંજુર થયેલ લે આઉટ પ્લાન મુજબ બાંધકામની બીનખેતીની પરવાનગી મળવા કબજેદાર તા.૯-૯-૯૬ ના રોજ અરજી કરી છે, જેની પહોંચ તા.૧૮/૯/૯૬ ના રોજ સ્વીકારવામાં આવી છે.

(૫) મામલતદારશ્રી વડોદરાએ તપાસ કરતા આ જમીન ઉપર બીન પરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી, કબજેદાર પરવાનગી આપતાં ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિ. ધારો ભરવા સંમતિ જવાબ આપેલો છે, તથા દર ચોરસ મીટરે ૦૦-૧૨ પૈસા થતાં પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રુપાંતરકર ભરવવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

(૬) આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું જમીન સંપાદન અધિકારીશ્રીઓએ જણાવેલ છે.

(૭) ખાતેદાર દર ચો.મીટરે રુ.૫-૦૦ (અંકે રુપિયા પાંચ) પૈસાના દરે ચોરસ મીટરે ૭૩૮૫ ના રુપાંતકરની રકમ રુ.૩૬,૯૨૫-૦૦ તારીખ ૮/૧૧/૯૬ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ૦૦૨૯ જમીન મહેસુલ (૬) કન્વરજનટેક્ષ (મ્યુનિ એરીયા) સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે. તથા માપણીની રકમ રુ.૨૦૦/- તા.૨-૧૨-૯૬ ના રોજ જમા કરવી પહોંચ નં.૮૮ રજૂ કરેલ છે.

(૮) સબબ મોજે માંજલપુર તા.વડોદરાના સર્વે નંબર-૪૬૦/૧,૨ ના ચો. મી. ૭૩૮૫ ના દરે એક ચો.મી. ના ૦૦-૧૨ પૈસા પ્રમાણે વિ. ધારો તથા અન્ય ઉપકારો પ્રવર્તમાન દર તારીખ ૧/૮/૯૬ થી બીજે

Scanned by CamScanner

હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની શરતે તથા મ્યુનિ. કોર્પો. ની રજા ચીઠ્ઠી નંબર-વોર્ડ/૪/કેસ-૪૮/૯૬-૯૭ તારીખ ૭/૮/૯૬ માં જણાવેલી અને તે લગત મંજૂર થયેલા લે આઉટ પ્લાન મુજબ બાંધકામ કરવાની બીનખેતીના રહેઠાણના હેતુ માટે પરવાનગી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u> :-

(૧) વડોદરા મ્યુનિ. કોર્પોરેશન તરફથી અપાયેલ રજાચીઠ્ઠી નંબર-વોર્ડ-૪/કેસ-૪૮/૯૬-૯૭ તારીખ -૭-૮-૯૬ મુજબની શરતો અને તે લગત મંજૂર થયેલ લે આઉટ પ્લાનમાં જણાવ્યા મુજબ બાંધકામ કરવાનું થાય છે, કોઈપણ જાતનું ખુલ્લી જમીનમાં વધારાનું બાંધકામ હવેથી મ્યુનિ.કોર્પો. ની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહીં. તથા અત્રેથી મંજુર કરવામાં આવેલ નકશા મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨) ટી.પી. સ્કીમ ફાયનલ થયા બાદ અને મ્યુનિ. કોર્પો. ધ્વારા કબજો મળ્યા બાદ ફાયનલ પ્લોટમાં મળતી જમીન બાંધકામ કરવાનું રહેશે.

(૩) અન્ય પ્રવર્તમાન ધારાઓ અંગે પરવાનગી લેવાની રહેશે.

(૪) કબજેદાર સોગંદનામું તથા ન દાવાની કબુલાત લખી આપી શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમ અધિનિયમ-૧૯૭૬ મુજબ આ જમીન કે તેનો કોઈપણ ભાગ કે પ્લોટ સરકારને પ્રાપ્ત કરવાનો થાય તો તે પ્રમાણે કરવા સક્ષમ અધિકારીશ્રીના હુકમ મુજબ વર્તવાનું રહેશે. અને ન દાવાની કબુલાત મુજબ બાંધકામની કિંમતના વળતરનો હકક થઈ શકશે નહીં કે સરકાર સામે તે અંગે કોઈ વાંધો કે તકરાર લાવી શકશે નહીં કે સરકારને હુકમના કારણે સઘળી જવાબદારીમાંથી મુકત રાખવાની રહેશે.

(૫) બાંધકામ શુરુ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરું કર્યા તારીખથી એક માસમાં એમ બંને પ્રસંગોએ અત્રે લેખિત જાણ કરવી પડશે.

Scanned by CamScanner

(૬) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખ થી છ માસમાં શરૂ કરી ત્રણ વર્ષમાં પુરૂ કરવાનું રહેશે તેમ કરવા ચૂક થયે પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે, અને વસુલ ભરેલો વિ. ધારા અંગે વગેરે કોઈપણ પરત મેળવવાનો હકક રહેશે નહીં. આ અંગે અપીલનો સમય પુરો થયા બાદ કોઈ હકક રહેશે નહીં.

(૭) રજાચીઠ્ઠી લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાના પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દૂર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કબજેદારને ખર્ચે દૂર કરાવવા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવા પાત્ર થશે અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૮) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબજેદારે જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના 'એમ' માં સનંદ ભરી આપવાની રહેશે. તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે. ઉકત સનંદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૯) હુકમ થયા તારીખથી બે માસમાં બીનખેતીનો પ્લોટ મપાવી લેવા ઠરાવેલા ધોરણે માપણી ફી ભરી જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, સીટી સર્વે સુપ્રી.શ્રી. વડોદરાને અરજી કરી મામલતદારશ્રી ને જાણ કરી મામલતદારશ્રીને જાણ કરવાની રહેશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૧૦) જે બાંધકામ કરવામાં આવે તેમાં તુર્ત સળગી ઉઠે તેવો સ્ફોટક પદાર્થ રાખી શકાશે નહીં.

(૧૧) આ પરવાનગી સોસાયટીના કોઈપણ સભ્ય પાસે શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમ અધિનિયમ [illegible] મુજબ વધારાની જમીન તથા તેવી સ્પષ્ટ કબુલાત અન્વયે આપવામાં આવી છે, અને કોઈપણ સમયે વધારાની જમીન હોય તેવી વ્યકિતઓની સોસાયટી પ્લોટ ફાળવી શકાશે નહીં. અને તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે આ પરવાનગી

Scanned by CamScanner

આપો આપ રદ થશે તથા કલેકટરશ્રી જે પગલા લેશે તે સોસાયટીને બંધનકર્તા રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા ખુલ્લી જમીન રાખવાની જગ્યામાં બાંધકામ થઇ શકશે નહીં.

(૧૩) સહીયારા કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલિકીની અથવા સર્વ પ્લોટ હોલ્ડરની સહીયારી માલિકીની ગણાશે તે ઉપર મુળ માલિકનો કોઇ હકક રહેશે નહીં.

(૧૪) બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીના સહીયારા ઉપયોગ માટે કલબ ઓફીસરનુ મકાન, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના૧/૬ જેટલા ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઈચ્છે તો મજુરી મેળવી તેમ કરી શકશે.

(૧૫) ઉપર પેરા-૧૪ માં જણાવ્યા સિવાયના કોઇપણ હેતુ માટે તે સાર્વજિનીક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઇ રીતે વેચાણ કે તબદીલી થઇ શકશે નહીં.

(૧૭) સાર્વજનીક પ્લોટ/રસ્તા સહીતની સમગ્ર જમીનમાં બીનખેતી આકાર પ્લોટો વેચાણ કરવામાં આવે જ્યાં સુધી મુળ ખાતેદાર અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ પ્લોટો હોલ્ડર પ્રમાણસરે ભરવાની રહેશે.

(૧૮) કોમન પ્લોટ રસ્તાની જમીનનુ રાજીનામુ આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીના રહીશોએ જ સહીયારો કરવાનો રહે છે.

Scanned by CamScanner

(૧૯) સોસાયટીએ સદરના રસ્તાઓની પરવાનગીની તારીખથી ચાર વર્ષમાં પુરા પાકા બાંધવા પડશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) આ જમીનનો રહેઠાણના હેતુ સિવાય અન્ય ઉપયોગ અગાઉથી કલેકટરશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહીં, તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોર્ડની કલમ-૬૬ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૧) આ જમીનનો વિ.ધારો રહેઠાણનો હેતુના ઉપયોગના દર ચો.મીટરે રૂા.૦૦-૧૨ પૈસા પ્રમાણે ચો.મી. ૭૩૮૫ નો રૂા.૮૮૬-૦૦ તા.૧-૮-૯૬ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે લોકલફંડ રૂા.૪૪૩-૧૦ પૈસા તથા શિક્ષણ ઉપકર રૂા.૨૨૧-૬૦ વિ.ધારો ઉપરાંત ભરવાનો રહેશે, તે અંગે કોઠારુપે પત્રક સામેલ છે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૨) માપણી થયેથી જમીનમાં વધ-ઘટ થશે તો તે ઉપરનો વિ.ધારો તથા અન્ય કરો નિયમોનુસાર ભરવો પડશે.

(૨૩) ઉપરની કોઈપણ શરત અગર સનંદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદાર પાત્ર બને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

રવાના કર્યું

શીરસ્તેદાર [illegible]
નાયબ [illegible],
વડોદરા.

(પ્રફુલ્લા જાડેજા)
નાયબ કલેકટર, વડોદરા.

રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી.

પ્રતિ,
શ્રી બાબુભાઈ મથુરાભાઈ તથા બાબુભાઈ મંગળભાઈ વિ.
રહેવાસી- માંજલપુર, વડોદરા. તરફે.

નકલ રવાના :-સક્ષમ અધિકારીશ્રી અને અધિક કલેકટરશ્રી (શ.જ.ટો.મ.) વડોદરા તરફ.

Scanned by CamScanner

મોજે માંજલપુર તા.વડોદરાના સર્વે નંબર -૪૬૦/૧, ૨ વાળી જમીનની બીનખેતીની

પરવાનગી પત્રક

બીનખેતીની પરવાનગી મળેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા કબેજદારનું નામ	બીનખેતીની પરવાનગી મળેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષ ધારાના દર	વસુલ કરવાની વિશેષ ધારાની રકમ	રુપાંતરકર લેવાની વિગત	શિક્ષણ ઉપકરની રકમ વિ.ધારાના ૨૫%	લોકલ ફંડની વિગત વિ.ધારાના ૫૦%	કોલમ-૪ નો વિ.ધારો કઇ તારીખથી લેવાનો છે. તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે : માંજલપુર તા : વડોદરા. ચોમી સ.નં.૪૬૦/૧ ૪૧૪૮ સ.નં.૪૬૦/૨ ૩૨૩૭ ૭૩૮૫ ચોમી. બાબુભાઇ મથુરભાઇ વિ. બાબુભાઇ મગનભાઇ વિ.	૭૩૮૫ ચો.મી. ફ્રી હોલ્ડ	રહેણાંકના હેતુના દરે ૬૨ ચો.મી. ૦-૧૨ પૈસા પ્રમાણે	૮૮૬-૨૦ (આઠસો છયાસી રુપિયાને વીસ પૈસા)	૩૬,૯૨૫-૦૦ (છત્રીસ હજાર નવસો પચ્ચીસ રુપીયા)	૨૨૧-૬૦ (બસો એકવીસ રુપીયાને સાઇઠ પૈસા)	૪૪૩-૧૦ (ચારસો તેતાલીસ રુપિયાને દસ પૈસા)	૮/૮/૯૬ થી

નોંધ :- રુપાંતર કરની રકમ રુા.૩૬,૯૨૫-૦૦ અંકે રુપિયા છત્રીસ હજાર નવસો પચ્ચીસ પુરા) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા, વડોદરામાં ચલનથી, તારીખ ૮/૧૧/૯૬ ના રોજ જમા કરાવવામાં આવશે.

રવાના કર્યું

(સહી)

(પ્રફુલ્લા જાડેજા)

નાયબ કલેક્ટર, વડોદરા.

Scanned by CamScanner